ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ



## સંક્ષિપ્ત સમાચાર

### સુખસર તાલુકામાં ખરીફ બીજ આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરાયું

**સુખસર :** વાગ્ધારા સંસ્થા દ્વારા 3 જુન 2026 ના રોજ સુખસર તાલુકાના મોટાનટવા અને લખનપુર ગામમાં પરંપરાગત ખરીફ બીજ આદાન-પ્રદાન કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં બહેનો,ભાઈઓ અને બાળકોએ ભાગ લીધો હતો.વાગ્ધારા સંસ્થાના પ્રતિનિધિ ગીરીશભાઈ પટેલ દ્વારા ખરીફ પાકોમાં વવાતા દરેક પ્રકારના શાકભાજી અનાજ,કઠોળ, તેલીબિયાના બીજોનો આદાન-પ્રદાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ ભાઈઓ અને બહેનો પોતાના ઘરે જે વધારાનું બીજ હતું તે આ કાર્યક્રમમાં લઈને આવ્યા હતા.અને પ્રદર્શનમાં મૂક્યું હતું.જે ભાઈ અથવા બેનના ઘરે આમાંથી કોઈ બિયારણ ન હતું તે બીજ લઈ ગયા.

### કલેક્ટર સુરભી ગૌતમની અધ્યક્ષતામાં વિવિધ વિભાગની સમીક્ષા બેઠક યોજાઈ

**દાહોદ :** દાહોદ જિલ્લા સેવા સદન ખાતે કલેકટરશ્રી સુરભિ ગૌતમની અધ્યક્ષતા હેઠળ વિવિધ વિભાગોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સ્મિત લોઢા પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક દરમ્યાન રોડ એન્ડ સેફ્ટી હેઠળ અકસ્માત કેસ, રોડ સેફ્ટી ડ્રાઈવમાં કરેલ કામગીરી, એલઈડી ધરાવતા વાહનો અંગે તેમજ ડિસ્ટ્રિક્ટ હાઈવે સેફ્ટી ટાસ્ક ફોર્સની કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. રવિ માર્કેટિંગ સીઝન હેઠળ ખેડૂતોના થયેલા રજીસ્ટ્રેશન, આવેલ અરજીઓ અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ સાથે મહેસુલ અધિકારીઓની માસિક બેઠક યોજાઈ હતી, જે અન્ય જ્ઞાત સુધારણા પત્રક રજુ કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂત ખરાઈ પ્રમાણપત્ર, બાકી આભીપ્રાય, ઈ ધરા પેન્ડ-ન્સી, ડિજિટલ ગુજરાત સુગમ, પીજી પોર્ટલ પેન્ડ-ન્સી અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

### કાલોલના બેઢિયા ગામે 'ખેત બચાઓ અભિયાન' અંતર્ગત ખેડૂત શિબિર યોજાઈ

**કાલોલ :** કેન્દ્ર સરકાર દ્વારા દેશભરમાં ૧ જૂનથી ૩૦ જૂન દરમિયાન ચલાવવામાં આવી રહેલા 'ખેત બચાઓ અભિયાન'ના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના બેઢિયા ગામે એક વિશેષ ખેડૂત લક્ષી કાર્યક્રમનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK), પંચમહાલ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રાસાયણિક ખાતરોના આડેધડ ઉપયોગને નિયંત્રિત કરી જમીનની તંદુરસ્તી જાળવવાનો અને ખેતીના ઉત્પાદન ખર્ચમાં ઘટાડો કરી ખેડૂતોને આર્થિક રીતે સધ્ધર બનાવવાનો છે. આ અભિયાન અંતર્ગત કમ ખાદ, સાચી ખાદ અને સાચી સલાહ ના સૂત્રને ચરિતાર્થ કરવા પર ભાર મૂકવામાં આવ્યો છે. જમીનની ઘટતી જતી ફળદ્રુપતા અને પર્યાવરણીય સંતુલનને ધ્યાનમાં રાખીને આયોજિત આ કાર્યક્રમમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડા અને પ્રધાન વૈજ્ઞાનિક ડૉ. કનકલતાના માર્ગદર્શન હેઠળ ૫૦થી વધુ પ્રગતિશીલ ખેડૂતો સહભાગી થયા હતા.

### વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી ભાગ રૂપે દહીકોટ ગામમાં ૫ દિવસીય જનજાગૃતિ ઝુંબેશ

**ગોધરા :** વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણીના ભાગરૂપે પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના દહીકોટ ગામમાં તારીખ ૧ જૂન ૨૦૨૬થી ૫ જૂન ૨૦૨૬ સુધી વિશેષ સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત ગામમાં જનજાગૃતિ લાવવાના હેતુથી ખાસ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં ઉપસ્થિત ગ્રામજનોને રોજિંદા જીવનમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ખાસ કરીને ઘરના કચરાના નિકાલ માટે સૂકો કચરો અને ભીનો કચરો અલગ-અલગ રાખવા અંગે વિસ્તૃત સમજ પૂરી પાડવામાં આવી હતી, જેથી કચરાનું યોગ્ય વ્યવસ્થાપન થઈ શકે. બેઠક બાદ જનજાગૃતિના ભાગરૂપે ગ્રામજનો દ્વારા ગામની આંગણવાડી તેમજ જાહેર સ્થળોની આસપાસ ઉત્સાહભેર સાફ-સફાઈ કરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં સ્વચ્છ ભારત મિશન અંતર્ગતના ક્લસ્ટર કોર્ડીનેટર, તેમજ દહીકોટ ગ્રામ પંચાયતના સરપંચ કાશીબેન પટેલ, તાલુકા પંચાયત સભ્ય મગનભાઈ પટેલ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા

**કાલોલના કાતોલ ગામે અસામાજિક તત્વોનો આતંક**

## પીવાના પાણીની બોરની પાઈપલાઈન તોડી નાખતા આખું ગામ તરસ્યું

(પ્રતિનિધિ) કાલોલ, તા.3

કાલોલ તાલુકાના કાતોલ ગામે અસામાજિક તત્વો દ્વારા આખા ગામને બાનમાં લેવાનો શરમજનક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગામની જીવનદોરી ગણાતી અને પીવાનું પાણી પૂરું પાડતી બોરની મુખ્ય પાઈપલાઈનને ગત રાત્રે કેનાલ પાસે અસામાજિક તત્વોએ તોડી નાખી હતી. ગામલોકોને જાણીજોઈને હેરાન કરવાના ઈરાદે આ કૃત્ય આચરવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેના કારણે હાલ સમગ્ર ગામમાં પીવાના પાણીનું ઘેરી કટોકટી

સર્જાઈ છે.સ્થાનિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ગામના કેટલાક લોકો આ નુકસાન પહોંચાડનાર તત્વોના નામ સારી રીતે જાણે છે. આમ છતાં, કોઈ અગમ્ય કારણોસર કે ડરના માર્યા કોઈ પણ ખુલ્લેઆમ નામ બોલવા તૈયાર નથી.

પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધા પર તરાપ મારનારા આવા તત્વો સામે ગામમાં ભારે આક્રોશ હોવા છતાં એક અજ્ઞાત ભયનો માહોલ પણ જોવા મળી રહ્યો છે.આ ગંભીર બાબતે કાતોલ ગામના સરપંચનો સંપર્ક સાધતા તેમણે જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં જ લાઈન રિપેરિંગ માટે તાત્કાલિક માણસો (કારીગરો) બોલાવી લેવામાં આવ્યા છે.

**ફતેપુરીમાં વાવાઝોડામાં કિશોરી ઘવાઇ હતી**

## ૧૪ વર્ષની કિશોરીનું વડોદરા SSG હોસ્પિટલમાં કરુણ મોત

(પ્રતિનિધિ) કાલોલ, તા.3

કાલોલ તાલુકામાં ગત સોમવારની રાત્રે અચાનક બદલાયેલા હવામાન અને તીવ્ર વાવાઝોડા સાથે આવેલા વિનાશક વરસાદે એક માસૂમ કિશોરીનો ભોગ લીધો છે. તાલુકાની દેવચોટીયા ગ્રામ પંચાયતમાં આવતા ફતેપુરી ગામે વાવાઝોડા દરમિયાન કાચું મકાન તૂટી પડતાં કાટમાળ નીચે દબાઈ જવાથી ગંભીર રીતે ઘવાયેલી ૧૪ વર્ષીય કિશોરીનું વડોદરાની એસ.એસ.જી. (SSG) હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન કરુણ મોત નીપજતાં સમગ્ર પંથકમાં અરેરાટી સાથે ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે. ફતેપુરી ગામના પેલુ ફળિયામાં રહેતા સુરેશભાઈ નરવતભાઈ રાઠોડની ૧૪ વર્ષીય પુત્રી ભાવનાબેન ગત તારીખ ૦૧/૦૬/૨૦૨૬ની રાત્રે ગામમાં જ આવેલા તેમના ફોઈના કાચા મકાને સુવા માટે ગઈ હતી. સ્થાનિકો અને પરિવારજનો દ્વારા કિશોરીને તાત્કાલિક કાલોલથી વધુ સારવાર અર્થે વડોદરાની સિવિલ (એસ.એસ.જી.) હોસ્પિટલના આઈ.સી.યુ. (ICU) વોર્ડમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં જિંદગી અને મોત વચ્ચેની જંગ લડતા આખરે સારવાર દરમિયાન આ માસૂમ કિશોરીએ દમ તોડ્યો હતો.એક સામાન્ય પરિવારની દીકરીનું કુદરતી આફતમાં આ રીતે મોત થતાં ફતેપુરી ગામ સહિત સમગ્ર કાલોલ તાલુકામાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.

**અમદાવાદ-ઈન્દોર હાઈવે પર ડબલ અકસ્માત**

## પૂરપાટ ટ્રકે બે રાહદારીઓને અડફેટે લીધા,૧નું મોત થયું

(પ્રતિનિધિ) લીમખેડા, તા.3

અમદાવાદ-ઈન્દોર નેશનલ હાઈવે પર લીમખેડા નજીક કાકરી ડુંગરી ગામે અને દાભડા ગામ વચ્ચે એક પછી એક બે ગમખ્વાર અકસ્માત સર્જાતા હાઈવે પર અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની શરૂઆત ત્યારે થઈ જ્યારે લાકડા ભરેલા એક ટ્રેક્ટરને ટ્રકે ટક્કર મારી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રેક્ટર હાઈવે પર જ પલટી ગયું હતું. આ અકસ્માતમાં ટ્રેક્ટર ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમને સારવાર અર્થે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે જ્યારે

પૂરપાટ ટ્રકે બે રાહદારીઓને અડફેટે લીધા હતા જેમાં એક રાહદારી નું મોત નિપજ્યું હતું એકને ગંભીર ઈજા થતાં સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યો હતો

ટ્રેક્ટર પલટી જવાથી હાઈવેના એક તરફના માર્ગ પર વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. પરિસ્થિતિ એટલી હદે વણસી હતી કે દાભડા ગામ સુધી અંદાજે 4 કિલોમીટર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. હાઈવે પર થંભી ગયેલા ટ્રાફિક વચ્ચે દાભડા ગામ નજીક એક કરુણ ઘટના આકાર પામી હતી. ટ્રાફિક જામ દરમિયાન પુરપાટ ઝડપે આવી રહેલી એક ટ્રકે કાબૂ ગુમાવતા રોડની સાઈડમાં ઉભેલા બે રાહદારીઓને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માતનો ભોગ બનેલા પૈકી 45 વર્ષીય જયંતીભાઈ નારસિંગભાઈ ચૌહાણ પર ટ્રકનું ટાયર ફરી વળતા તેમનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. આ જ અકસ્માતમાં તેમની સાથે ઉભેલા 42 વર્ષીય અભેસીગ સાયબા ચૌહાણને ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરતા ઈજાગ્રસ્તને સારવાર માટે દાહોદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, હાલ હાલત નાજુક હોવાનું જાણવા મળે છે.

### દોઢ વર્ષથી ભાગતો પશુધારાનો આરોપીને અલીન્દ્રાથી ઝડપ્યો

(પ્રતિનિધિ) લીમખેડા, તા.3

જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટે વિશેષ સૂચના આપવામાં આવી છે. જેના અનુસંધાને કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર. ડી. ભરવાડે એક અસરકારક વ્યુહાત્મક રણનીતિ તૈયાર કરી સ્ટાફને જરૂરી આદેશો આપ્યા હતા. આ રણનીતિ અને પોલીસ ઈન્સ્પેક્ટર આર. ડી. ભરવાડને મળેલી ચોક્કસ બાતમીના આધારે કાલોલ પોલીસે એક મોટી સફળતા મેળવી છે. કાલોલ પોલીસ સ્ટેશનના વર્ષ ૨૦૨૪ મા નોંધાયેલ ગુનો જેમાં ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમ-૨૦૧૧ (સુધારા ૨૦૧૭)ની કલમ ૮(૨), ૮(૪) વગેરે હેઠળ ગુનો નોંધાયેલ હતો, તે ગુનામાં છેલ્લા દોઢેક વર્ષથી પોલીસને થાપ આપી નાસતો ફરતો આરોપી ફિરદોશ અંસારખા બેલીમ (રહે. કસ્બા બોરુ ગામ, તા. કાલોલ, જી. પંચમહાલ)ને અલીન્દ્રા ચોકડી (કાલોલ) ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો છે.

**લીમખેડામાં ટ્રાફિકની સમસ્યા અંગે તંત્રની કાર્યવાહી**

## રેલવે ગરનાળામાં નડતરરૂપ લોખંડના પોલ અને સ્પીડ બ્રેકર દૂર કરાયા

**દાહોદ જિલ્લા કલેક્ટર સુરભિ ગૌતમના નિર્દેશ બાદ લીમખેડા વહીવટી તંત્ર સફાળું જાગ્યું**

(પ્રતિનિધિ) લીમખેડા, તા.3

દાહોદ જિલ્લા કલેક્ટર સુરભિ ગૌતમે આ સમગ્ર મામલાની ગંભીરતાને ધ્યાને લઈ, નાગરિકોને પડતી હાલાકી દૂર કરવા માટે તાત્કાલિક પગલાં ભરવા લીમખેડા પ્રાંત અધિકારી વાય.કે.વાઘેલાને સૂચના આપી હતી. જિલ્લા કલેક્ટરના સીધા નિર્દેશના પગલે પ્રાંત અધિકારીએ ત્વરિત કાર્યવાહી કરતા લીમખેડા મામલતદાર અનિલ વસાવા, પોલીસ ઈન્સ્પેક્ટર સંદીપ વસાવા, રેલવે વિભાગના અધિકારીઓ તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની તાત્કાલિક બેઠક બોલાવી હતી. આ બેઠકમાં સમસ્યાના કાયમી નહીં પણ તાત્કાલિક રાહત આપનારા ઉકેલો પર ચર્ચા કરવામાં આવી હતી, જેમાં રેલવે ગરનાળામાં અવરોધરૂપ બનેલા માળખાને હટાવવાનો નિર્ણય લેવાયો હતો બેઠક પૂર્ણ થયા બાદ, લીમખેડા મામલતદાર અનિલ વસાવા અને પોલીસ ઈન્સ્પેક્ટર સંદીપ વસાવા જેસીબી મશીન સાથે રેલવે ગરનાળા પર પહોંચ્યા હતા. તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કરવામાં આવેલી કામગીરીમાં, ગરનાળામાં અગાઉ લગાવવામાં આવેલા લોખંડના પોલ, હાઈટ ગેજ અને આરસીસીના બિનજરૂરી સ્પીડ બ્રેકરને જેસીબી મશીનની મદદથી તોડીને દૂર કરવામાં આવ્યા હતા.

## ઝાલોદ તાલુકા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખે વિધિવત્ પદભાર સંભાળ્યો

(પ્રતિનિધિ) ઝાલોદ, તા.3

ઝાલોદ તાલુકા પંચાયત કચેરી ખાતે નવ નિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખના પદભાર ગ્રહણનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. ઝાલોદ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે સુરેશભાઈ કટારા તથા ઉપપ્રમુખ તરીકે કુ. તેજલબેન ભાભોરે ધાર્મિક વિધિ અને પૂજા-અર્ચના સાથે વિધિવત્ રીતે પોતાના હોદ્દાનો ચાર્જ સંભાળ્યો હતો. પદભાર ગ્રહણ પ્રસંગે તાલુકા પંચાયત કચેરીમાં ઉત્સાહ અને ઉજવણીનો માહોલ જોવા મળ્યો હતો. કાર્યક્રમ દરમિયાન નવા પ્રમુખ અને ઉપપ્રમુખનું ફૂલહાર, શાલ અને શુભેચ્છાઓ સાથે ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં ઉપસ્થિત કાર્યકર્તાઓ,

સમર્થકો અને શુભેચ્છકોએ નવા હોદ્દેદારોને અભિનંદન પાઠવી તેમના સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી હતી. પદભાર સંભાળ્યા બાદ બંને હોદ્દેદારોએ તાલુકાના સર્વાંગી વિકાસ, પારદર્શક વહીવટ અને પ્રજાના પ્રશ્નોના ઝડપી ઉકેલ માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે પૂર્વ સાંસદ બાબુભાઈ કટારા, ભાવસિંહભાઈ વાઘેલા, પંકજભાઈ અગ્રવાલ સહિત અનેક રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

**નીંદકાપૂર્વનો અપહરણ તથા પોક્સોના ગુનામાં આરોપી ઝડપાયો**

## સવા વર્ષથી ફરાર આરોપીને સગીરા સાથે ઝડપી પાડતી સુખસર પોલીસ

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

પોલીસના ઉચ્ચ અધિકારીઓના સીધા માર્ગદર્શન હેઠળ સુખસર પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એમ રાઠોડ ના ઓએ સુખસર પોલીસ સ્ટેશનમાં અપહરણ તથા પોક્સો એક્ટ હેઠળ દાખલ થયેલ ગુનામાં પકડવાના બાકી આરોપીઓની માહિતી એકત્ર કરી આવા પ્રકારના ગંભીર ગુનાના વોન્ટેડ આરોપી તથા ભોગ બનનાર/ ગુમ થયેલ સગીરાની શોધખોળ હાથ ધરવામાં આવેલ હતી. તે દરમ્યાન ટીમના પોલીસ માણસોને બાતમી હકીકત મળેલ કે, સુખસર પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫ માં પોક્સો કલમ ૪, ૫ (જે) (૨), ૬ મુજબના ગુનાનો

નાસ્તો ફરતો આરોપી મહેશભાઈ બાબુભાઈ પારગી રહે. નીંદકાપૂર્વ, તા, સુખસર, જી. દાહોદ નાનો પોલીસ પકડથી નાસ્તો ફરે છે જે બાબતની સુખસર પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એમ રાઠોડ તથા સુખસર પોલીસ ટીમના માણસોએ તપાસ કરતા આરોપી મહેશ બાબુભાઈ પારગી સહિત ભોગ બનનાર સગીર બાળાને ઝડપી લીધી હતી.

## પંચમહાલ જિલ્લામાં તા.૨૫ મી જૂને જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ યોજાશે

**અરજદારો તા.૧૦ મી જૂન સુધીમાં પોતાના પ્રશ્નો મોકલી શકશે**

(પ્રતિનિધિ) ગોધરા, તા.3

પંચમહાલ જિલ્લા માટેનો જિલ્લાકક્ષાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૫/૦૬/૨૬ ગુરૂવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે કલેક્ટર કચેરી, ગોધરાના સભાખંડ ખાતે યોજાશે. પંચમહાલ જિલ્લાના નાગરિકો/અરજદારો/ પ્રજાજનોએ તેઓના સેવાકીય, કોર્ટ મેટર, રહેમરાહે નોકરી, પેન્શન સિવાયના પ્રશ્ન લેખિતમાં આગામી તા.૧૦/૦૬/૨૦૨૬સુધીમાં સબંધિત કચેરીમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા અરજી મારફતે મોકલી આપવાના રહેશે અરજદારોએ એક અરજીમાં ફક્ત એક જ ફરિયાદ/પ્રશ્ન રજૂ કરવાનો રહેશે. અરજદારોએ પ્રશ્નના કવર તેમજ અરજી ઉપર જિલ્લા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ એમ સ્પષ્ટ લખવાનું રહેશે. અરજદારે અરજીની અંદર પોતાનું નામ તથા સરનામુ અને પોતાનો ટેલીફોન કે મોબાઈલ નંબર અથવા સંપર્ક નંબર અવશ્ય લખવાનો રહેશે. જિલ્લા સ્વાગતમાં અરજી કરતાં પહેલા અરજદારે સૌપ્રથમ તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં, ત્યારબાદ જે કચેરીનો પ્રશ્ન હોઈ ત્યાં અરજી કરેલ હોવી જોઈએ, જિલ્લાકક્ષાના પ્રશ્ન માટે જિલ્લાના જવાબદાર અધિકારીને કરેલ રજુઆતની નકલ અરજી સાથે જોડવાની રહેશે. તા.૧૦/૦૬/૨૦૨૬ સુધીમાં મળેલ અરજીઓનો જ ચાલુ માસના સ્વાગત કાર્યક્રમમાં સમાવેશ કરવામાં આવશે.

**દાહોદ એસઓજી પોલીસનું કતવારા નિશાળ ફળિયામાં સફળ ઓપરેશન**

## મકાનમાં દવાખાનું ખોલી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતો બોગસ તબીબ પકડાયો

**દવા, ગોળીઓ, ઈન્જેક્શનો બોટલો તથા અન્ય મેડિકલ દવા સારવાર કરવાના સાધન સામગ્રી સહિત ૫૫૦૦૦/-નો મુદ્દામાલ કબજે લીધો**

(પ્રતિનિધિ) દાહોદ, તા.3

દાહોદ એસ. ઓ. જી શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. જે રાણાના માર્ગદર્શન હેઠળ દાહોદ એસ.ઓ.જી પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.જે યુધી પોતાના સ્ટાફના પોલીસ કર્મીઓ

સાથે ડીસીએસ કન્ટ્રોલ દાહોદ મમ્માડભાઈ, ખુલ્લીસભાઈ મહંમદભાઈ, પોલીસ કોન્સ્ટેબલ હેમંતકુમાર અમતુભાઈ તથા રાકેશભાઈ રતના ભાઈ વગેરેને સરકારી વાહનમાં સાથે લઈ દાહોદ તાલુકાના કતવારા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન કતવારા ગામના નિશાળ ફળિયામાં રહેતો 30 વર્ષીય મેહુલ કુમાર કિશોરભાઈ હાડા નામનો એક બોગસ તબીબ મેડિકલ ડિગ્રી કે પ્રમાણપત્ર નહીં હોવા છતાં પોતાના મકાનમાં ₹કુસુમ₹ નામનું ક્લિનિક ખોલી લોકોની સારવાર કરી લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરતો. તેવી બાતમી અંગેની માહિતી પોલીસ કોન્સ્ટેબલ હેમંતકુમાર અમતુભાઈ ને મળી હતી.

જે બાબતને આધારે દાહોદ એસ.ઓ.જી પોલીસની ઉપરોક્ત ટીમે કતવારા ગામે નિશાળ ફળિયામાં બોગસ તબીબની કુસુમ ક્લિનિક પર ઓચિંતો છાપો મારતા મેડિકલ ડિગ્રી કે પ્રમાણપત્ર વગર પોતાના ₹કુસુમ₹ક્લિનિકમાં મેહુલ કુમાર કિશોરભાઈ હાડા નામનો બોગસ તબીબ દર્દીઓની સારવાર કરતો મળી આવતા પોલીસે તેની અટકાયત કરી મેડિકલ શક્તિ માંગે સ્થળ પર બોલાવી જરૂરી તપાસ કરતા ₹કુસુમ₹ ક્લિનિકમાંથી જુદા જુદા પ્રકારની દવા-ગોળી, બોટલો, ઈન્જેક્શનો તથા અન્ય મેડિકલ દવા-સારવાર કરવાના સાધન-સામગ્રી સહિત રૂપિયા ૫૫૦૦૦/-નો મુદ્દામાલ મળી આવતા પોલીસે જપ્ત કરી લીધો.

**MGVCL સબ-ડિવિઝન સામે ભારે આક્રોશ ફેલાયો**

## ગોધરાના આદર રાઠોડના મુવાડામાં વીજ કરંટથી ભેંસનું મોત

(પ્રતિનિધિ) ગોધરા, તા.3

ગોધરા તાલુકાના કાંકણપુર નજીક આવેલા આદરરાઠોડના મુવાડામાં તૂટેલા વીજ વાયરને અડકી જવાથી કરંટ લાગતા એક ભેંસનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. પ્રાથમિક માહિતી અનુસાર, રસ્તામાં જીવંત વીજ વાયર તૂટીને પડ્યો હોવાથી આ દુર્ઘટના સર્જાઈ હતી. પશુ માલિક પરમાર પૂનમભાઈ લક્ષ્મણભાઈએ વીજ કંપનીની બેદરકારી અંગે પોલીસ ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરી છે. જોકે, ભેંસના મોતનું સત્તાવાર અને ચોક્કસ કારણ પોસ્ટમોર્ટમ રિપોર્ટ તેમજ પોલીસ

તપાસ પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થઈ શકશે.આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોમાં કાંકણપુર MGVCL સબ-ડિવિઝન સામે ભારે આક્રોશ ફેલાયો છે. લોકોનો સીધો આક્ષેપ છે કે તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે કરવામાં આવતી પ્રિ-મોનસૂન કામગીરી યોગ્ય રીતે કરવામાં આવતી નથી. આ કામગીરી પ્રત્યે દાખવવામાં આવતી ઉદાસીનતાના પરિણામે જ આવી દુર્ઘટનાઓ સર્જાય છે.